ગ્રાહક તકરાર નિવારણફોરમ,ભુજ
પશ્ચિમ ગુજરાત વિજ કંપની લીમીટેડ
પાવર હાઉસ કમ્પાઉન્ડ, જી કે જનરલ હોસ્પિટલ સામે, ભુજ
ફોન: ૦૨૮૩૨-૨૫૩૫૫૦ ફેક્સ: ૦૨૮૩૨-૨૫૦૦૪૮
E-Mail- forumbhuj.pgvcl@gebmail.com

નં કેસી/સીજીઆરએફ/૨૦૧૮/ તારીખ:

2003 ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, ભુજના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No.PG-004-001-2017-18.**

| | |
|---|---|
| અરજદાર: | શ્રીવિરેન્દ્રસિંહ ગણપતસિંહ દહિયા<br>ગામ:- ચિત્રોડ |
| રજૂઆત કરનાર: | શ્રી વિરેન્દ્રસિંહ ગણપતસિંહ દહિયા |

## ::વિરુધ્ધ::

| | |
|---|---|
| સામાવાળા: | કાર્યપાલકઇજનેરશ્રી,પીજીવીસીએલ,વિભાગીય કચેરી,ભચાઉ |
| રજૂઆત કરનાર: | ૧) શ્રી જે વાય રાવ, કા.ઇ. પીજીવીસીએલ,વિભાગીય કચેરી,ભચાઉ<br>૨) શ્રી આર વિ ડાભી,ના.ઇ. પીજીવીસીએલ,વિભાગીય કચેરી,રાપર |

## ::ફોરમ::

૧) શ્રી જે.બી. પારેખ, ચેરપર્સન
૨) શ્રીમતી એન એચ જોષી, સ્વતંત્ર મેમ્બર

| | |
|---|---|
| સુનાવણી સ્થળ: | કોન્ફરન્સ. હૉલ,પીજીવીસીએલ,વર્તુળ કચેરી,ભુજ. |
| તારીખ: | ૨૩.૦૨.૨૦૧૮ |

## ::અરજદારની રજૂઆત::

૧.૦ અરજદાર શ્રી વિરેન્દ્રસિંહ ગણપતસિંહ દહિયા ૧૫ હોપા ના ગ્રાહક નં ૩૮૬૬૪/૧૦૩૨૧/૬ વાળા ખેતીવાડી મીટર ટેરીફ વાળા વીજજોડાણ ધરાવે છે. અગાઉ તેમને મોટા વિજબીલ મળેલ નથી અને હમણાં આવેલ બીલ ઘણા વધારે છે જે સુધારી આપવા ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

૧.૧ સદર કેસની વિગત નીચે મુજબ છે.

૧.૨ અરજદાર શ્રી વિરેન્દ્રસિંહ ગણપતસિંહ દહિયા ૧૫ હોપા ના ગ્રાહક નં ૩૮૬૬૪/૧૦૩૨૧/૬ વાળા ખેતીવાડી મીટર ટેરીફ વાળા વીજજોડાણ ધરાવે છે.

૧.૩ તેઓને તારીખ ૨૧.૧૧.૧૭ ના રોજ રૂ.૧૮,૧૬૩/- ના વિજબીલ આપવામાં આવેલ છે.

૧.૪ અરજદારને અગાઉ આટલા મોટા વિજબીલ મળેલ નથી હમણાં આવેલ બીલ ઘણા વધારે છે જે સુધારી આપવા રજૂઆત કરેલ છે.

૧.૫ અરજદારને સીજીઆરએફ દ્વારા ૧) તા.૨૫.૧.૨૦૧૮ ૨) તા.૦૯.૦૨.૧૮તથા ૩)તા.૨૩.૦૨.૨૦૧૮ ના હાજર રહેવા જણાવવામાં આવેલ છે પરંતુ અરજદાર એક પણ મુદતમાં હાજર રહેલ નથી.

## :: પીજીવીસીએલની રજુઆત::

૨.૦. સુનાવણી સમયે સામાવાળા શ્રીજે વાય રાવ કા.ઇ. પીજીવીસીએલ,વિભાગીય કચેરી,ભચાઉ તથા શ્રી આર વિ ડાભી,ના.ઇ. પીજીવીસીએલ,વિભાગીય કચેરી,રાપર રૂબરૂમાં હાજર રહેલ અને જણાવેલ કે,

૨.૧ અરજદાર શ્રીવિરેન્દ્રસિંહ ગણપતસિંહ દહિયાને માસ નવેમ્બર-૨૦૧૭ ના ૨૭૭૯૮ યુનિટનું વિજબીલ રૂ.૧૮૧૬૩/- આપેલ. સદર વિજબીલ મીટરમાં નોધાયેલ રીડીંગ મુજબ નું છે.

૨.૨ ગ્રાહકશ્રી વિરેન્દ્રસિંહ ગણપતસિંહ દહિયાના વીજ મીટર ના રીડીંગ અગાઉના મીટર રીડર દ્વારા સ્થળ પર ગયા વગર મીટર જોયા વગર લેવામાં આવેલ હતા જેના કારણે મીટરમાં પેન્ડીગ યુનિટ ના બિલ એકસાથે ગ્રાહકને માસ નવેમ્બર-૨૦૧૭ ના ૨૭૭૯૮ યુનિટનું વિજબીલ રૂ.૧૮૧૬૩/- બનેલ છે. સદર બાબતે અગાઉના મીટર રીડરના ખુલાસા રાપર પેટાવિભાગ દ્વારા પૂછવામાં આવેલ છે.

૨.૩ ગ્રાહકશ્રીએ વીજ બીલ ભરપાઈ ના કરતા તા.૭/૨/૨૦૧૮ ના રોજ ડીસકનેક્ટ કરી, મીટર પેપર પેક કરી મીટર રાપર પેટાવિભાગમાં જમા કરાવેલ અને ગ્રાહકશ્રી ને લેબોરેટરી ચકાસણી અર્થે તા.૧૭/૨/૨૦૧૮, તા.૨૦/૨/૨૦૧૮ અને તા.૨૧/૨/૨૦૧૮ માંથી કોઈ એક તારીખના હાજર રહેવા પત્ર ક્રમાંક રાપર/એસડી/ટેક/૫૫૪ તા.૧૫.૨.૧૮ થી જણાવવામાં આવેલ પરંતુ ગ્રાહકશ્રી એક પણ તારીખમાં લેબ પરિક્ષણમાં હાજર ન રહેતા તા.૨૨/૦૨/૨૦૧૮ ના રોજ મીટરની ચકાસણી લેબોરેટરીમાં કરવામાં આવી અને એમઆરઆઈ લેવામાં આવેલ જે મુજબ

| માસ | પીઆરટી મુજબ રીડીંગ | એમઆરઆઈ મુજબ રીડીંગ |
|---|---|---|
| નવેમ્બર-૧૭ | ૭૩૮૦ | ૨૫૭૫૨.૦૬૫૦ |
| ડીસેમ્બર-૧૭ | ૪૦૦૮૧ | ૪૦૫૫૪.૫૦૫૦ |
| મીટર ઉતારેલ | | ૪૫૨૦૯.૬ |

આમ, મીટર રીડરની ભૂલને કારણે પેન્ડીગ યુનિટ રહેલ, મીટરમાં કોઈ ખામી નથી. મીટરમાં નોધાયેલ યુનિટ મુજબના વીજબીલ ગ્રાહક દ્વારા ભરવાપાત્ર છે.

::હુકમ::

3.0 ફરીયાદી કે તેમના પ્રતિનિધિશ્રી દ્વારા તા.૨૫.૧.૨૦૧૮ અને તા.૦૯.૦૨.૧૮ ના રોજની બેઠકમાં હાજર રહેલ નહિ કે મુદત મળવા બાબત કોઈ રૂબરૂ કે લેખિત અરજી ફોરમ સમક્ષ કરેલ નહિ, આમ છતાં ન્યાયના હિતમાં ફરિયાદીને તેમની રજૂઆતની પુરતી તક આપવાના હેતુથી વધુ મુદત તારીખતા.૨૩.૦૨.૨૦૧૮ આપવામાં આવેલ જેમાં પણ અરજદારશ્રી કે તેમના પ્રતિનિધિ હાજર ના રહેલ.

3.૧ સુનાવણી સમયે રજૂઆત કરનારની તેમજ સામાવાળા ની રજૂઆત તેમજ રજુ કરેલ દસ્તાવેજી પુરાવા ના આધારે નીચે મુજબ નાં તારણ પર આવી શકાય

3.૨ અરજદાર શ્રી વિરેન્દ્રસિંહ ગણપતસિંહ દહિયા ૧૫ હોપા ના ગ્રાહક નં ૩૮૬૬૪/૧૦૩૨૧/૬ વાળા ખેતીવાડી મીટર ટેરીફ વાળા વીજજોડાણ ધરાવે છે. અગાઉ તેમને મોટા વિજબીલ મળેલ નથી અને હમણાં આવેલ બીલ ઘણા વધારે છે જે સુધારી આપવા ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

3.3 પીજીવીસીએલ દ્વારા ગ્રાહકશ્રીને માસ નવેમ્બર-૨૦૧૭ ના ૨૭૭૯૮ યુનિટનું વિજબીલ રૂ.૧૮૧૬૩/- આપવામાં આવેલ, વીજ મીટર ના રીડીંગ અગાઉના મીટર રીડર દ્વારા સ્થળ પર ગયા વગર મીટર જોયા વગર લેવામાં આવેલ હતા જેના કારણે મીટરમાં પેન્ડીગ યુનિટ ના બીલ એકસાથે આવેલ, ગ્રાહકે વીજ બીલ ભરપાઈ ના કરતા તા.૭/૨/૨૦૧૮ ના રોજ ડીસકનેક્ટ કરી, મીટર પેપર પેક કરેલ અને ગ્રાહકશ્રી ને લેબોરેટરી ચકાસણી અર્થે તા.૧૭/૨/૨૦૧૮, તા.૨૦/૨/૨૦૧૮ અને તા.૨૧/૨/૨૦૧૮ માંથી કોઈ એક તારીખના હાજર રહેવા પત્ર ક્રમાંક રાપર/એસડી/ટેક/૫૫૪ તા.૧૫.૨.૧૮ થી જણાવવામાં આવેલ પરંતુ ગ્રાહકશ્રી એક પણ તારીખમાં લેબ પરિક્ષણમાં હાજર ન રહેતા તા.૨૨/૦૨/૨૦૧૮ ના રોજ મીટરની ચકાસણી લેબોરેટરીમાં કરવામાં આવી અને એમઆરઆઈ લેવામાં આવેલ જે મુજબ

| માસ | પીઆરટી મુજબ રીડીંગ | એમઆરઆઈ મુજબ રીડીંગ |
|---|---|---|
| નવેમ્બર-૧૭ | ૭૩૮૦ | ૨૫૭૫૨.૦૬૫૦ |
| ડીસેમ્બર-૧૭ | ૪૦૦૮૧ | ૪૦૫૫૪.૫૦૫૦ |
| મીટર ઉતારેલ | | ૪૫૨૦૯.૬ |

આમ, મીટર રીડરની ભૂલને કારણે પેન્ડીગ યુનિટ રહેલ, મીટરમાં કોઈ ખામી નથી. મીટરમાં નોધાયેલ યુનિટ મુજબના બીલ ગ્રાહકશ્રી ને ભરવાપાત્ર છે.

૩.૪ ગ્રાહકને મીટર રીડર દ્વારા સ્થળ પર મીટર જોયા વગર બીલ આપવામાં આવેલ છે આ પ્રકાર ની બેદરકારીને કારણે સદર ફરિયાદ ઉદભવેલ છે. આથી સબંધિત બેદરકાર કર્મચારી/અધિકારી પર શિક્ષાત્મક કાર્યવાહી કરી ફોરમને જાણ કરવા જણાવવામાં આવે છે. મીટરમાં કોઈ ખામી ન હોવાથી તથા મીટરમાં નોધાયેલ રીડીંગ મુજબના બીલ ગ્રાહકશ્રી ને ભરવાપાત્ર થતા હોવાથી અરજદારની વિજબીલ સુધારવાની ફરિયાદ રદ કરવામાં આવે છે,આથીઆ ફરિયાદનો નિકાલ કરવામાં આવે છે.

૩.૫ આથી આ મુજબ હુકમ કરવામાં આવે છે.

એન એચ જોષી
સ્વતંત્ર મેમ્બર

જે.બી. પારેખ
ચેરપર્સન

નોંધ:

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિસામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો'૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાંસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯